

## સુપ્રભાતમ્


સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251


### સલામી સવારની..

*ચોરે ને ચૌટે દારૂની પેટીઓ પકડાય છે,*
*છતાં ય બંદોબસ્તમાં પોલીસ ખડકાય છે,*
*ચોરી, લૂંટને ઘરફોડ થાય છે ઓછા સ્ટાફે -*
*રહે ટેન્શનમાં બેભાન થઈ ઠકરાય છે...*

### હાઈકુ

*ચૂંટણીમાંથી*
*ઊંચા આવતા નથી -*
*વિકાસ દુઃખી...*

*લીધો ભરડે*
*પાટીદાર-કોંગ્રેસે*
*ભાંગે ભાજપ...*

### ચિંતન

**સા ભાર્યા યા સુચિ દંક્ષા, સા ભાર્યા યા પતિવ્રતા ।**
**સા ભાર્યા યા પતિપ્રીતા, સા ભાર્યા યા સત્યવાદિની ॥**

'ચાણક્ય નીતિ'નું આ સૂત્ર 'તપોવન' યુગના ઋષિકાળના સમયની 'પત્ની' કેવી હોવી જોઈએ તે કહેવામાં આવ્યું છે.

'પતિ એ એવી જ પત્ની, પત્ની તરીકે સ્વીકાર્ય અને પ્રિય હોય જે પોતાની ફરજો અને કર્તવ્ય પ્રત્યે નિષ્ઠાવાન અને નિર્પુણ હોય, મન-વચન-કર્મથી પતિ પ્રત્યે અનુરાગી હોય - પતિને વફાદાર, અનુકૂળ થનારી અને પતિને પ્રેમ કરનારી હોય, સત્યવાદી હોય.'

આજના કોમ્પ્યુટરી-મોબાઈલ-વૉટ્સ એપના યુગમાં સ્ત્રી ધારે તો પણ હવે આવા સદ્‌ગુણ સચવાય એવું સામાજિક વાતાવરણ જ રહ્યું નથી. મહાત્મા-ઋષિઓ-સંત જેવું 'પુરુષ'નું પણ ચારિત્ર્ય-વર્તન રહ્યું નથી એટલે આવી 'પત્ની'ની અપેક્ષા પણ રાખી શકાય નહીં, ઉલ્ટું આ સદ્‌ગુણ ન હોય એવી 'પત્ની' જ સંસારમાં સફળ થાય.

### સુવિચાર

- યદી હમેં અપના દર્દ મહસૂસ હોતા હૈ તો હમે જીવીત હૈ,
  ઔર હમેં દુસરોં કા દર્દ મહસૂસ હોતા હૈ તો હમ એક ઈન્સાન હૈ - **સલીમ ખાન**
- જ્ઞાન મેળવવા માટે વ્યક્તિએ અભ્યાસ કરવો જ પડે,
  પરંતુ ડહાપણ કેળવવું હોય તો નિરીક્ષણ કરવું પડે - **જનકલ્યાણ**
- બાળકોને થોડો પ્રેમ આપી જુઓ...
  તેઓ તમને એથી અનેક ગણો પ્રેમ હોંશે હોંશે આપશે - **જીવનસૂત્ર**
- સદાચારને અનુસરવું એ પર્વત ચઢવા સમાન છે,
  પાપ આચારને અનુસરવું તે ઢાળ ઉતરવા સમાન છે - **સાધુ વાસવાણી**
- ભૂતકાળને વળગી રહેનારનો વર્તમાન પણ ભસ્મ થઈ જાય છે - **ઝેન કથન**
- ખડખડાટ હાસ્ય એટલે ઘરની બહાર નીકળ્યા વગર કરેલું હૈયાનું જોગીંગ - **નોર્મન કઝીન્સ**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

ગમે તેટલી ઘરમાં સુવિધા હોય છતાં પોતાનું કામ તો જાતે જ કરવું જોઈએ. પરિશ્રમ-પ્રવૃત્તિ છૂટી જાય, પરસેવો સૂકાઈ જાય કે તરત રોગો-ચરબી-આળશના સૈન્ય સાથે મૃત્યુ હુમલો કરે જ છે.

એક બુલબુલ વૃક્ષની ડાળી પર કૂદાકૂદ કરી નાનાં નાનાં જીવડાં શોધી તંદુરસ્ત-તાજો ખોરાક ખાઈ, પોતાની મસ્તીમાં ગીતો ગાતું ઉડાઉડ કરતું હતું.

એક ખેડૂત નાની ડબ્બીમાં થોડા જીવડાં ભરી પંખી બજારમાં જતો હતો. બુલબુલે તેને પૂછ્યું, ખેડૂત ભાઈ ક્યાં જાવ છો? ખેડૂ કહે : મારી દીકરીએ બુલબુલનાં પીછાં માટે હઠ કરી છે તેથી હું આ થોડાં જીવડાં લઈ પંખી બજારમાં બુલબુલનું પીછું લેવા જઉં છું...

બુલબુલ કહે : તમે મને જીવડાં આપી દ્યો હું તમને પીછું આપી દઉં... ખેડૂતને ધક્કો બચ્યો... પછી તો આ સિલસિલો ચાલુ રહ્યો. બુલબુલની સૂતે-બેઠે ખાવાની આદત પડી ગઈ. ઉડવાનું - ગીત ગાવાનું ભૂલી ગયું. પીછાં પણ ખલાસ થઈ ગયાં. ખેડૂ આવતો બંધ થયો.

... એક દિવસ બુલબુલનો જીવનદીપ બુઝાઈ ગયો.

## બૌદ્ધિકોને રાષ્ટ્રપતિની સલાહ

### તંત્રીસ્થાનેથી....

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને નાછૂટકે કેન્દ્ર સરકારની વહારે ધાવું પડ્યું છે. સરકારી એવોર્ડ અને માન અકરામ પરત કરવાની શરુ થયેલી પરંપરા વણથંભી આગળ વધતી રહી છે એથી દેશમાં આંતરરાષ્ટ્રીય જગતમાં ભારત સરકારની વિશ્વસનીયતા સામે શંકાનું વાતાવરણ સરજાઈ રહ્યું છે. દાદરી હત્યાકાંડ અને કલબુર્ગી જેવા બુદ્ધિજીવીઓની નિર્મમ હત્યાની પ્રતિક્રિયા સ્વરુપે શરુ થયેલ બૌદ્ધિક સમુદાયનો અસંતોષ રાષ્ટ્રપતિને પણ ચિંતાનો વિષય લાગ્યો હતો. ખુદ રાષ્ટ્રપતિએ દેશમાં વધી રહેલી સાંપ્રદાયિકતા અને અસહિષ્ણુતાના મુદ્દે એમની નારાજગી સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી હતી ત્યારે મોદી સરકાર વિસામણમાં મુકાઈ ગઈ હતી. વધતી જતી અસહિષ્ણુતાના મુદ્દે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિત ખુદ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે રાષ્ટ્રપતિભવન સુધી કૂચ કરી હતી. પ્રણવ મુખર્જી પોતે કોંગ્રેસના વરિષ્ઠ નેતા હોઈ વર્તમાન સરકાર અને શાસક પક્ષ એમની સામે મોરચો માંડે એ પહેલાં વિચક્ષણ રાષ્ટ્રપતિએ જાતે જ આ મુદ્દે સાહિત્યકારો, ફિલ્મી કલાકારો અને વિજ્ઞાનીઓને સરકારી એવોર્ડનું સન્માન જાળવવાની સલાહ આપી આખી વાતનો વીંટો વાળી દેવાનો પ્રયાસ કર્યો છે. ચંડીગઢનાં ભાજપી સાંસદ કિરણ ખેરના પતિ અને જાણીતા અભિનેતા અનુપમ ખેરની આગેવાની હેઠળ બે હજાર જેટલી મોટી સંખ્યામાં ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા કલાકારો અને તજજ્ઞોએ મોદી સરકારની તરફેણમાં રેલી યોજી રાષ્ટ્રપતિને આ મુદ્દે નિવેદન કર્યું હતું, એ પછી કલાજગત અને સાહિત્યજગત વચ્ચે ઊભી તિરાડ જેવી પરિસ્થિતિ સરજાઈ હતી, એક તરફ શાહરૂખ ખાન જેવા લોકપ્રિય અભિનેતાએ અસહિષ્ણુતાની પરાકાષ્ઠા સરજાઈ હોવાનું નિવેદન કરી એનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ભાજપી નેતાઓ દ્વારા એને પાકિસ્તાન તરફી વલણ ધરાવતા કલાકારનું લેબલ લગાવી દેવાયું હતું, બીજી તરફ સલમાનખાનના લેખક પિયા સલીમ ખાનને ક્યાંય 'અસહિષ્ણુતા' દેખાતી નહોતી. નરેન્દ્ર કોહલી જેવા લોકપ્રિય હિંદી લેખકે તો 'સાહિત્ય અકાદમીના એવોર્ડ પાછા આપનારા સાહિત્યકારો ભલે ને કપડાં ઉતારે, તો પણ એમને દાદ ન જ આપવી જોઈએ. ત્યાં સુધીનું હલકું નિવેદન કરી એમને અપમાનિત કર્યા હતા. આમ લેખકોમાં પણ ડાબેરી-જમણેરીનાં જૂથો સામસામે આવી ગયાં હતા. જાણીતા સર્જક ગુણવંત શાહે પણ આ મુદ્દે સાહિત્યમાં પ્રવેશી રહેલી તાલેબાની વૃત્તિની ટીકા કરી હતી. કેન્દ્રીય મંત્રી વી.કે. સિંહે એવોર્ડ પરત કરનારા સાહિત્યકારો-બૌદ્ધિકો કોઈ વિદેશી પરિબળો દ્વારા પ્રેરિત હોવાનો અને પૈસા લઈને આવું કરતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. અંગત રીતે મોદી તરફ અને મોદી સરકાર પ્રત્યે બૌદ્ધિક વર્ગ પહેલાંથી જ પૂર્વગ્રહ ધરાવતો હોવાનું તો જેટલી જેવા સિનિયર મંત્રીએ પણ નિવેદન કર્યું જ હતું. હવે જ્યારે બિહારમાં મોદી મૅજિકની અસર ખલાસ થઈ ગઈ છે ત્યારે સરકારને બૌદ્ધિકો સાથે વેર રાખવાનું પોસાય એમ નથી. એથી રાષ્ટ્રપતિનું ઓઠું લઈ એમને ટાઢા પાડવાનો પ્રયાસ કરાયો હોય તે બનવાજોગ છે. પરંતુ બૌદ્ધિકો રાષ્ટ્રપતિની સલાહ માની જ લેશે એમ માની લેવું વધારે પડતું છે.

## જો ઘરનું સમાજશાસ્ત્ર રૂડું તો દેશનું અર્થશાસ્ત્ર નિરોગી!



### વિચારોના મધુવનમાં


પ્રો. રાકેશ પટેલ


એકવાર પતિપત્ની આર્ટગેલેરી જોવા ગયા.... એક તસ્વીરમાં અતિ ખૂબસુરત છોકરી હતી, જેના શરીરને પાંદડાથી ઢાંકેલું હતું... પતિ ખૂબ જ ધ્યાનથી જોઈ રહ્યા હતાં. ... ત્યાં પાછળથી પત્ની આવીને બોલી 'હવે ચાલશો કે અહીં બેસીને વાવાઝોડાની રાહ જોવાની છે?

કેટલાક મહાનુભાવો ઘરની બહાર સરળ, ઉદાર અને સ્નેહાળ હોવાની છાપ ધરાવતા હોય છે. પરંતુ જેવા ઘરમાં પ્રવેશ એટલે ફિલ્મોના ડબલ રૉલની માફક ભિખારી કેવા નીરસ અને શસ્ત્રસજ્જ સિપાહી જેવા કડક બની જાય છે. શરૂઆતમાં જ બાળકોને બાજુ પર બેસી જવાની સૂચના અપાઈ જાય. અવાજ બંધ, કામથી કામ અને શોકમય વાતાવરણ રચાઈ જાય. અને જો કોઈ ચીજવસ્તુની માગણી આવે તો વાત સાંભળ્યા વગર વાતને કાપી નાખવાની. જાણે કે ત્રીજું વિશ્વ શરૂ થવાની તૈયારી હોય. ચારેબાજુ આગ અને ભડકા! એકવીસમી સદીની અનેક કસોટીઓમાંની એક કસોટી એટલે 'સંબંધોની મીઠાશને જાળવી રાખવી તે છે.

પતિ-પત્નીના સંબંધો ખાટાં મીઠાં હોઈ શકે છે. સંબંધો સજાવાય પણ ખરાં અને ખટાવાય પણ ખરાં! સંબંધોનું કાયમી સરનામું ઘર તરીકે ઓળખાય છે. ઘરનો ચેતોવિસ્તાર એટલે સમાજ. સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ એટલે સમાજશા સ્ત્ર. સમાજને સુપેરે કોણ ચલાવી શકે? ગડીબંધ રૂપિયા કે સંબંધોની મધુરતા. વિકાસની આપણે બહુ ટૂંકી વ્યાખ્યા કરી બેઠા છીએ. રૂડૂં ઘર રૂડા સંબંધોથી શોભે છે. સારું ઘર બનાવીએ તે જરૂરી છે, પણ સંબંધોની સુવાસ વિના બધું અધુરું! ઘરના સભ્યોની આંતરિક સમજનું નિર્માણ કરનાર ઘરનો મોભી છે. રૂપિયા વધુ કે ઓછા હોઈ શકે માતાપિતાનો પ્રેમ ક્યારેય નહિ. બાળકને જયારે હૂંફની જરૂર છે ત્યારે તેને એકલો છોડી જનારા માતાપિતા ધનની સમૃદ્ધિને તો ઢસડી લાવશે પણ બાળકના બાળપણને પાછું નહિ લાવી શકે!

ટપૂએ વાર્તા સાંભળવાની જીદ કરી. ટપૂ : મમ્મી, મમ્મી મને ઊંઘ નથી આવતી વાર્તા કહે ને?

મમ્મી : મને પણ ઊંઘ નથી આવતી બેટા... તારા પપ્પા હજુ નથી આવ્યા એને ઘરે પહોંચવા દે, હું એને પૂછીશ કે ઘરે આવતા કેમ મોડું થયું? પછી જોજે... તને ઘણી નવી નવી વાર્તાઓ સાંભળવા મળશે.

હમણાં જ દિવાળીના ચમકતાં વાતાવરણમાંથી આપણે બહાર આવ્યાં. એક ઘરમાં તમને પ્રવેશ કરાવું છું. જયાં ઘરસફાઈનું કામ ચાલી રહ્યું છે. ઘરમાં સફાઈ કરતાં પતિદેવને પત્નીએ જરાં ચા અવાજે કહ્યું : 'ઑફિસમાં આટલો ઑવર ટાઈમ કરી ખાઓ છો તે ઘર માટે તો ક્યારેક ઑવર ટાઈમ કરો ને!

પતિએ ફટાક દઈને જૂનો અને જાણીતો ડાયલૉગ ફટકાર્યો : 'પગલી, ઘર ચલાવવાના રૂપિયા કોણ આપે છે? વધુ કામ કરીશ તો વધુ સંપત્તિ અને સમૃદ્ધિ ભેગી કરી શકીશું. શું કહે છે?

પત્નીનો જવાબ સમજવા જેવો હતો: 'તમારી સંપત્તિ આવે છે બેંકના ખાતામાં બરાબર? હવે તમે વિચારો કે જો એ રૂપિયા બેંકમાં પડી રહે તો શું ઘર એની મેળે ચાલે ખરું? ઘર ચલાવવા રૂપિયા કેવી રીતે વાપરવા તે કામ તો હું કરું છું! રૂપિયામાંથી સીધી ભોજનની થાળી કે ઘરવખરી બની જતી નથી. પૈસા કમાયા પછી વ્યાજબી અને કરકસરયુક્ત રીતે વાપરવાની જવાબદારી અમારી છે. જેમ ઑફિસનું કામ અગત્યનું છે તેમ સામેની બાજુ ઘરની તમામ જવાબદારી નિભાવવી પણ એટલી જ અગત્યની છે તમારી ઑફિસ જો અર્થશાસ્ત્રની ખાણ હશે તો અમારું ઘર પણ સમાજશા સ્ત્રની જનની છે. આજ સુધી કોઈ અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્ર વિના બરાબર ચાલી જાય એવું ન બને .

પતિદેવે ઠાવકા થઈને કહ્યું : 'મારા ઘરની રાણી...! તું તો ઘર ચલાવતાં ચલાવતાં મને પણ ચલાવનારી બની ગઈ હોં કે! ચાલ હવે હું પણ અઠવાડીયાના બે ચાર કલાક તારી મરજીનું કામ કરી નાખીશ બસ! હવે ખુશ?

પત્નીએ શરમાતાંશરમાતાં દિલ ખોલ્યું: 'અરે! જાનુ! અમે ભારતીય નારી કામથી થાકતી નથી અને થાકીશું પણ નહીં. બસ, તમારી મદદ કરવાની તૈયારીની 'હા એક વખત સાંભળી લીધીને એટલે અમારો બધો થાક ઉતરી ગયો. અમે રાત દિવસ ઘરના ઢસરડા કરીએ અને તમે એક શબ્દ પણ કામની પ્રશંસા અંગે અમારી સાથે બોલો નહિ એટલે આ જીવ થોડો અધ્ધર થઈ ગયો. એટલે આમ બોલાઈ ગયું. આટલું બોલતાં તો ધર્મપત્નીની આંખમાં બોર જેવડાં આંસુઓ ટપકી પડ્યાં.

શું આ સંવાદ આપણા સ્વસંવાદ સાથે મળતો આવે છે? તો તમારે તમારી પત્નીને તમારી સમયરૂપી મૂડી ઘર(વાળી) માટે આપવાનો સમય થઈ ગયો છો તેવું અચુક


**અનુસંધાન પાના નં. ૭ પર**


## સંસ્કૃતના ટીચરે સમજાવેલું કે કાચા કાનનો વ્યક્તિ બીજાની વાતો અને અફવાઓ પર જલ્દી વિશ્વાસ કરી લે છે, ખરેખર હું કાચા કાનનો છું, મેં મારા પાક્કા મિત્ર અમિતને દુઃખી કર્યો



### નવાં કલેવર


નટવર હેડાઉ


અગીયારમાં ધોરણમાં ભણતા અમીત અને સુમિત વચ્ચે ગાઠ મિત્રતા હતી. જેટલા તે ભણવામાં હોંશિયાર હતા તેટલા જ બંને રમતમાં પણ રસ લેતા હતા. પરંતુ કાયમ અમિતના માર્કસ વધારે આવતા. પોતાના ઘેરથી લાવેલ લંચબોક્સમાંથી રીસેશમાં બંને સાથે મળી ખાતા. અમિતના લંચબોક્સમાં પરોઠા સાથે શાક પણ હોય જયારે સુમિતના લંચબોક્સમાં પરોઢા સાથે અથાણું હોય. જયારે આમળાંની સીઝન હોય ત્યારે અમિતની મમ્મી લંબબોક્સમાં બે આમળાં પણ મુકતી. બંને મિત્રો હળીમળીને જમતા. સુમિતની આંખે ચોથા ધોરણથી જ ચશ્મા આવી ગયા હતા. તેનું મુખ્ય કારણ સુમિત તેની મમ્મીની જેમ ટી.વી. જોવાનો શોખિન હતો. તથા તેની મમ્મી લીલા શાકભાજીનો ઉપયોગ ખુબ જ ઓછો કરતી.

અમિત તેની હાઈસ્કૂલની ક્રિકેટ ટીમનો કેપ્ટન હતો. તેની કેપ્ટનશીપમાં ક્રિકેટ ટીમ કાયમ જીતતી. સુમિત સારો બોલર હતો. અમિત જયારે મેદાન પર રમતો હોય ત્યારે તે સચિન તેંડુલકરની જેમ ચોક્કા-છક્કા ખૂબ ફટકારતો. પ્રેક્ષકો તેને તાલીઓથી વધાવી લેતા. બીજા કલાસમાં ભણતા શુભમને અમિત અને સુમિતની દોસ્તી જરાય ગમતી નહીં. તે બંનેની મનોમન ઈર્ષા કરતો અને વિચારતો કે આ બંનેની દોસ્તી કઈ રીતે તૂટે. એકવાર એકલા મળી જતાં તેણે સુમિત સાથે મિત્રતા દર્શાવતાં કહ્યું, 'યાર, સુમિત તું બોલિંગ ખુબ સરસ કરે છે તારે કારણે જ ક્રિકેટ ટીમ જીતે છે. તારે તો આપણી હાઈસ્કૂલની ટીમના કેપ્ટન થવું જોઈએ. અમિત મારી પાસે તારી ટીકા કરતો હતો.'

સુમિતને શુભમની વાત પર વિશ્વાસ આવતો ન હતો. અમિત તેની ટીકા શું કામ કરે. પણ એ કાનનો બહુ કાચો હતો. તેથી તેને શુભમની વાત પર વિશ્વાસ આવી ગયો. તે મનોમન અમિતથી દૂર થવા લાગ્યો. અને વિચારવા લાગ્યો કે મારે હાઈસ્કૂલની ટીમના કેપ્ટન બનવું જોઈએ.

હાઈસ્કૂલમાં આવતા અઠવાડિયે ક્રિકેટની મેચ રમાવાની હતી. સંજોગવશાત્ શુભમ સામેની ટીમમાં કેપ્ટન બનવામાં સફળ થયો હતો. તેની ઈચ્છા હતી કે અમિત અને સુમિત વચ્ચે મિત્રતા તોડાવી દે અને સુમિત તેની ટીમમાં ગમે તે રીતે આવી જાય અથવા સુમિત બીજી ટીમનો કેપ્ટન બની જાય, એવું થાય તો બંને વચ્ચેની મિત્રતા ખતમ થઈ જાય અને પોતાની ટીમ મજબૂત બની જાય. એવું થાય તો અમિતની ટીમ હારી જાય અને પોતે જીતે તેથી આખી હાઈસ્કૂલમાં પોતાની નામના થઈ જાય.

બીજા દિવસે અમિતે અનુભવ્યું કે સુમિત તેનાથી દૂર ભાગવા લાગ્યો છે. આજ તો તેને રીશેષનું ખાવાનું પણ શુભમની સાથે ખાધું છે. ખાવાનું ખાતી વખતે પણ શુભમની સાથે ખાધું છે. ખાવાનું ખાતી વખતે પણ શુભમ સુમિતને અમિતની વિરુદ્ધ ભડકાવતો રહ્યો. અમિતે સુમિત પાસે એ જાણવાનો પ્રયત્ન પણ કર્યો કે આવું થવાનું કારણ શું છે. શું કામ એ દૂર ભાગે છે. પણ અમિતના બધા પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા. કેમ કે સુમિત ઉપર શુભમનો એવો જાદુ છવાઈ ગયો હતો કે તેના ઉપર તેની કોઈ અસર થઈ નહીં.

તેમને સંસ્કૃત શિખવતા શિક્ષક શર્માજી હસાવતા અને મજાક સાથે ભણાવતા ભાગ્યે જ કોઈ વિદ્યાર્થીને તેમને કયારેય ધમકાવ્યો હશે કે ઠપકો આપ્યો હશે. તે ભણાવતાં ભણાવતાં વિદ્યાર્થીઓ નૈતિકતાની વાત પણ સમજાવતા. તેમને એક શ્લોક દ્વારા વિદ્યાર્થીઓને સમજાવ્યું કે આપણે આપણા કાનથી હંમેશા સતર્ક રહેવું જોઈએ. કાચા કાનનો વ્યક્તિ બીજાની વાતો અને અફવાઓ પર જલ્દી વિશ્વાસ કરી લે છે. જેના કારણે તેને પોતાને તો નુકશાન થાય જ છે. સાથોસાથ સમાજ અને બીજા માટે પણ હેરાનગતિનું કારણ બને છે.

આજ શનિવાર હતો. આજે તે છોકરાંઓને મજા પડે તે માટે તેમના ટૂચકા પણ સાંભળતા. છોકરાંઓએ ઘણાં ટૂચકાના વખાણ થયાં.

એક મિકેનિક કારના મશીનને ખોલી રીપેર કરતો હતો. તે વખતે શહેરના જાણીતા હાર્ટસર્જન તેના ગેરેજમાં આવી પહોંચ્યા. મિકેનિકે ડૉકટરને કહ્યું, 'ડૉકટર સાહેબ આ એન્જીનને જૂઓ. તેનું હૃદય ખોલી વાલ્વ કાઢીને રીપેર કરી ફરી લગાવી દીધો છે. આવું જ કામ તમે પણ કરો છો. છતાં તમારી ફીમાં કેટલું અંતર છે નહીં?'

ડૉકટર સાહેબે મિકેનિકના કાનમાં કહ્યું, 'આ કામ તું એન્જીન ચાલુ રાખીને કરી બતાવ.'

રમેશનો ટૂચકો વળી આમ હતો. 'પપ્પુએ તેની માંને કહ્યું, માં હું જન્મ્યો તે પહેલાં તેં મને જોયેલો.'

માં એ કહ્યું, 'ના બેટા.'

તો પછી હું જન્મ્યો ત્યારે તેં મને ઓળખી કાઢ્યો કઈ રીતે?

સોમવારે હાઈસ્કૂલ બધા આવ્યા. અમિત અને સુમિત સામસામે આવ્યા ત્યારે આજે પણ સુમિત ઈર્ષાળુ ચહેરાથી અમિત સામે આંખ મિલાવી શક્યો નહીં. બંને મિત્રો બાજુબાજુમાં બેસતા તે આજે અલગ અલગ બેઠા. કલાસના બીજા વિદ્યાર્થીઓ પણ આ જોઈ અચંબો પામ્યા. સુમિતને આ શું થઈ ગયું છે?

કલાસ ટીચરે હાજરી પુરી. પછી કહ્યું કે આ અઠવાડિયે પહેલાંની જેમ ક્રિકેટની સ્પર્ધા થનાર છે. જે માટે કેપ્ટન નક્કી કરવામાં આવશે. બધા છોકરાઓએ અમિત માટે સંમતિના સૂરમાં સૂર મિલાવ્યો, પણ સુમિતે તેનો વિરોધ કરતાં કહ્યું, 'સર, ક્રિકેટ ટીમનો કેપ્ટન મને બનાવો.'

તેમના કલાસ ટીતર કંઈ કહે તે પહેલાં અમિતે જ કહી દીધું, 'સર, સુમિતને જ કેપ્ટન બનાવો. કેમ કે તે અમારી ટીમનો સર્વશ્રેષ્ઠ ખેલાડી છે.'

મનોમન સુમિત ફૂલ્યો સમાનો ન હતો. કેમ કે કેપ્ટન બનાવાઈ રહ્યો હતો. ખરેખર તો શુભમની આ ચાલ હતી. કલાસ ટીચર અને બીજા છોકરાઓએ પણ કહ્યું કે અમિતને કેપ્ટન બનાવવો જોઈએ. પણ અમિત પોતાના નિર્ણયમાં અડગ રહ્યો. સુમિત જ કેપ્ટન બનશે. છેવટે સુમિતને કેપ્ટન તરીકે ચૂંટી કાઢવામાં આવ્યો.

રીસેશ પડી. સુમિત આ વાત પોતાના નવા મિત્ર શુભમને જલ્દી જલ્દી કહેવા માંગતો હતો. પણ ખબર પડી કે આજ તો શુભમ શાળાએ આવ્યો જ નથી. આજે સુમિતનું ભણવાનું મન ન લાગ્યું. આજ તો તે કેપ્ટન બનવાની ખુશીમાં મનોમન રાજી થતો હતો. તેના મગજમાં કેપ્ટન બનતાં એવી રાઈ ભરાઈ ગઈ કે અચાનક તેનાં આચરણ અને વહેવારમાં બદલાવ આવી ગયો. તેણે કલાસમાં કોઈ સાથે સહજતા કે સરળતાથી વાત પણ કરી નહીં. બસએક જ વાતનું રટણ તેની જીભે હતું કે હું કેપ્ટન છું... હું કેપ્ટન છું.

હાઈસ્કૂલ છૂટતાં સુમિત પોતાની છાતી ફૂલાવતો સૌથી પહેલાં પોતાના નવા મિત્ર શુભમના ઘરે ગયો. જયાં એ ડોરબેલ વગાડવા જતો હતો ત્યાં અંદરથી આવતો અવાજ સાંભળી તે ત્યાં જ અટકી ગયો. શુભમ તેના મિત્રને કહેતો હતો કે યાર, હું મારી ચાલમાં સફળ થયો. અમિત અને સુમિત વચ્ચે તિરાડ પડી ગઈ છે. તેનો લાભ મને મળશે. જેથી મારી ટીમ જીતી જશે. તેથી હું હાઈસ્કૂલની ટીમનો કેપ્ટન બની જઈશ. ગઈ કાલે સાઈકલ પરથી પડી ગયેલો તેથી જરા વાગ્યું છે પણ આવતી કાલ સુધીમાં સારું થઈ જશે.

સુમિત આ સાંભળીને પાછા પગલે ઘર તરફ આગળ વધ્યો. થોડીવાર પહેલાં પગમાં જે જોશ હતું તે પળવારમાં જાણે કે ઓગળી ગયું. તે વિચારવા


**અનુસંધાન પાના નં. ૭ પર**


## બડે બડે નામોં મેં અપના ભી કોઈ નામ તો હો... પહેચાન તો હો...!!



### Hello ફ્રેન્ડસ


સંજય થોરાત


દિવાળીનો ઉજાસ ફેલાઈ ગયો, નવા વર્ષના સંકલ્પો લેવાઈ ગયા, રંગોળીમાં રંગો અને મિઠાઈનો સ્વાદ હજી તાજગી બક્ષે છે... લાભ પાંચમ ગઈ અને સૌની જીંદગી ફરી પાછી ઠેકાણે પડવાં લાગી... નવાં કોરા મન સાથે નવું કંઈક કરવાની આશા સાથે આપણાં ડગલાં ઉત્સાહભેર પડી રહ્યાં છે, એક નવી જ તાજગી તહેવાર આપીને જાય છે, દરેકને ખુશી અને આનંદ જોઈએ છે, પણ એનું એડ્રેસ? કોઈને જલદી મળતું નથી...

દિવાળીના તહેવારમાં એક અજવાળું પાથરવાં કોડિયાં જેવી વાત સુપ્રસિદ્ધ લેખક પાઉલો કોએલોના બ્લૉગ પર વાંચવા મળી... હાથમાં ચમચી અને બે ટીપાં તેલ, આ જવાબદારી નું શું કરવું?

એક વેપારીએ એના દીકરાને એક સમર્થ મહાત્માને ત્યાં જવાનું કીધું, આનંદમાં કેવી રીતે જીવવું? એનું સિક્રેટ તને એ મહાત્મા કહેશે, એવું કહી એણે દીકરાને રવાના કર્યો...

ચાલીસ દિવસ સુધી વેરાન જંગલ, રસ્તા પરથી પ્રવાસ કરી, પગપાળા, પરસેવો પાડીને એ યુવાન એક હરિયાળા પર્વત પાસે પહોંચ્યો, એ પર્વત પાસે એક સુંદર મહેલ હતો.

આ ભાઈ ત્યાં પહોંચ્યો, મનોમન વિચારતો હતો, આ શાંત પ્રસન્ન જગ્યા પર ભગવા ધારણ કરેલા સાધુ મળશે... પણ અંદરનું દૃશ્ય જોઈ એ આશ્ચર્યચકિત થઈ ગયો... અંદર બિલકુલ રાજમહલ જેવું જ વાતાવરણ હતું, એક આલિશાન હૉલમાં અનેક લોકો હતા...

મોટી મોટી હસ્તી દેખાતી હતી. બધાં ટોળે વળી ગપાટાં મારતા હતા. એક બાજુ સરસ મજાનું ઑરકેષ્ટ્રા સંગીત પીરસી રહ્યું હતું. એક ટેબલ પર જાત-જાતની વાનગીઓ ગોઠવાયેલી હતી... એ મહાત્મા ત્યાં બધા સાથે હળીમળીને વાતો કરતાં હતાં. આ યુવાન એક ખૂણામાં એમની મુલાકાતની તક શોધતો ઊભો હતો.

બે કલાક બાદ એની મુલાકાત થઈ. એણે કહ્યું, 'આનંદથી જીવન જીવવાનું સિક્રેટ જાણવા હું તમારી પાસે આવ્યો છું.'

એ વિદ્વાન બોલ્યો, 'અત્યારે તો હું ખૂબ વ્યસ્ત છું, અને આ વિષય પર જરા લાંબો છે, તું એક કામ કર કલાક-બે કલાક મારો આ મહેલ જોઈ આવ. પછી આપણે શાંતિથી વાત કરીએ.'

યુવાન નીકળતો હતો એટલામાં એ મહાત્માએ એના હાથમાં એક ચમચી આપી, એમાં બે ટીપાં તેલનાં નાંખ્યા, અને કહ્યું કે આ જરા સાચવીને રાખજે, ઢોળાય ના એનું ધ્યાન રાખજે.

**સંકટભરી છતાંય મને એ ગમી હતી, મેં જિન્દગીને આપની બક્ષિસ ગણી હતી**
**બહેલાવી ના શક્યો કદી દિલ આપના વગર, ચીજોની આ જગતમાં ભલા ક્યાં કમી હતી!**

એ યુવાન તો ચમચી હાથમાં પકડીને ચાલવા લાગ્યો, કોઈ ઉપાય નહોતો. સિક્રેટ જાણવા આ મહારાજ કહે એ માનવું જ પડે ને?

એ તો નીકળ્યો... બે કલાક ફરીને પાછો આવ્યો...

મહાત્માએ પૂછ્યું, 'બોલ, શું જોયું?'

એ ભાઈ બોલ્યો, કશું જ નહીં.

'અરે, એવું કેવી રીતે બને?' મારા ડાયનિંગ હૉલમાં જો પર્શિયન ચિત્રો લાગ્યા છે, અને બગીચો? એ પણ ન જોયો? અને લાઈબ્રેરીના પુસ્તકો? એમાં રહેલું ચર્મપત્ર? એ અદ્‌ભૂત વસ્તુ પણ તેં ન જોઈ?

યુવાન જરા શર્મિંદો બની ગયો, એણે કશું જોયું નહી, કશું દેખાયું નહીં... મારું બધું જ ધ્યાન પેલાં બે ટીપા ટેપ પર હતું, મેં માત્ર એ તેલ ખૂબ જ સાવચેતી પૂર્વક જાળવી રાખ્યું! યુવાને એનો ખૂલાસો આપ્યો.

'એ ઠીક છે, પણ જે વ્યક્તિનું ઘર પણ બરાબર જોયું નથી એ વ્યક્તિ પર તું ભરોસો કેવી રીતે કરીશ? એના કરતાં તું એક કામ કર, પહેલાં તું મારું ઘર, આખો પરિસર બરાબર જોઈ લે, દુનિયા કેટલી સુંદર છે, એ જરા વ્યવસ્થિત જો, પછી આપણે નિરાંતે વાત કરીએ.'

યુવાન ફરીથી નીકળી પડ્યો. ઉત્સુકતાથી બધું જોવા લાગ્યો. એક એક વસ્તુમાં ખોવાઈ ગયો, એ વસ્તુઓનું ઐશ્વર્ય, સૌંદર્ય જોઈને અંજાઈ ગયો, ધરાઈને સરસ વાનગીઓ જમ્યો, એને ખૂબ આત્મસંતોષ થયો. એ પાછો મહાત્મા જોડે આવ્યો.



બોલો, આ વખતે શું શું જોયું?

આ ભાઈ પોપટની જેમ બધું પટપટ બોલવાં લાગ્યો, એને વચ્ચે જ અટકાવીને મહાત્મા બોલ્યો, 'આ બધું ઠીક છે, પણ પેલી ચમચી અને તેલ ક્યાં છે?'

આકર્ષક દુનિયા જોવાની વાતમાં એ આ તેલ તો ભૂલી જ ગયો, એ ફરી ખસિયાણો પડ્યો...

એ મહાત્મા મલકાયા અને બોલ્યો, 'આનંદમાં રહેવાનો મંત્ર જોઈએ છે ને? સિક્રેટ જોઈતું હતું ને? આ જ તો સિક્રેટ છે. દુનિયા જોવાની, મોજથી જીવવાની, પણ જવાબદારીના તેલના બે ટીપાં ક્યાંય નહીં ખોવાનાં, નહીં ઢોળવાનાં, અને હાથમાં જવાબદારીની ચમચી છે એટલે દુનિયા જોવાની-જીવવાની નહીં, આનંદ માણવાનો નહીં એવું પણ કરવાનું નહીં, આ બંને વસ્તુ જેને આવડી ગઈ એ માણસ જ ખરો આનંદી!'

દરેકને એવું હોય છે કે... બડેં બડેં નામો મેં અપના ભી કોઈ નામ તો હો, પહેંચાન તો હો... અને લાગતું પણ જોઈએ, પણ ભીડમાં અલગ દેખાવું કેવી રીતે? પોતાનું વ્યક્તિત્વ શોધવું કેવી રીતે? દરેકના જીવનનો પ્રવાસ ચાર સ્ટેપ્સમાં થાય છે...

જીવનના પ્રથમ સ્ટેપ્સમાં એની પોતાની કોઈ ઓળખ હોતી જ નથી. જે જન્મ થવાથી ઓળખ મળે એ સ્વીકાર્ય છે. આ આપોઆપ મળેલી ઓળખ પોતાની નથી એવું ખબર પડ્યાં બાદ સાચી ઓળખની શોધખોળ શરુ થાય છે.

પછી બીજી સામાજિક ઓળખ બને છે. તમે છોકરો-છોકરી કે હિન્દુ-મુસ્લિમ-જૈન ધર્મના છો અથવા નાત-જાતના, પંથનાં, ગામના દેશના છો, આનો દીકરો, એની છોકરી જેવાં લેબલ તો જન્મથી ચોંટે છે, એટલે આમ જોવા જાવ તો એ ઓળખ પણ ક્યાં પોતાની હોય છે?

સમજદારી જયારે માણસમાં આવે ત્યારે ત્રીજો તબક્કો શરૂ થાય, હું કોણ? એનો માનસિક ઝઘડો શરૂ થાય, તમે તમારા ધર્મ, જાતિ, સમાજ, લાઈફ સ્ટાઈલ અને આર્થિક સ્થિતિ વિશે પ્રશ્નો પૂછતાં થઈ જાવ છો... પોતાની લાઈફ સ્ટાઈલ, ચોઈસના મિત્રો, ગમતી સંસ્કૃતિ, બધું બદલાય છે, અને એનાંથી પોતાની સાચી ઓળખ કે વિચાર મળતાં થાય છે... આ


**અનુસંધાન પાના નં. ૭ પર**